(તસવીર : દિપક જાની)

ગાંધીનગર શહેરમાં ચાલી રહેલા વાઈબ્રન્ટ ટ્રેડ ફેરમાં જ્વેલરી અને વિવિધ કલાત્મક ચીજવસ્તુઓના સ્ટોલ આવેલા છે. જેમાં સી. જ્વેલર્સ નામના સ્ટોલ પર દસ હજાર વર્ષ જુનો શંખ આવેલા છે. જેને નિહાળવા ભારે લોકોની ભીડ જામે છે. ટ્રેડફેરમાં આવેલ સી. જ્વેલર્સ સ્ટોલમાં મહાભારતના સમયનો આશરે ૧૦,૦૦૦ વર્ષ જૂનો પૌરાણીક શંખ મુકેલો છે. આ સંખ ઉપર કલાત્મક જ્વેલરી નેપાળ ખાતે કરવામાં આવી છે. પૌરાણિક અને કલાત્મક શંખ સ્વિઝરલેન્ડથી લાવ્યા હોવાનું શંખના માલિકે જણાવ્યું હતું. જેમકે અત્યારની પેઢીને કદાચ ખબર નહી હોય પણ શંખ વગાળવાની એક કળા છે. તેમજ શંખ વગાડવાથી હૃદયરોગની બિમારી દૂર થાય છે.

શારિરીક-માનસિક ત્રાસથી કંટાળી આપઘાત કરી લેવાના કિસ્સા વધ્યા

વર્ષ ૨૦૧૨માં ત્રાસની ૧૪૯ ફરીયાદો પૈકી ૧૭નો આપઘાત : બે પુરૂષોનો પણ સમાવેશ : વર્ષભરમાં ૨૦ બળાત્કાર અને ૨૯ અપહરણના બનાવો બન્યા

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨માં સાસરીયાના માનસિકથી કંટાળીને ૧૫ પરિણીતાઓએ આપઘાત કરી લીધા હતા જયારે પત્નિના ત્રાસથી કંટાળીને ૨ પતિએ આપઘાત કરી લીધાની ઘટનાઓ બનવા પામી હતી. તે ઉપરાંત જિલ્લામાં શારિરીક-માનસિક ત્રાસના ગુનાઓમાં પણ નોંધપાત્ર વધારો ગત વર્ષની સરખામણીમાં ૨૦૧૨માં નોંધાવા પામ્યા હતા. જયારે અપહરણના કિસ્સાઓમાં પણ વધારો જોવા મળ્યો હતો.

ગાંધીનગર જિલ્લામાં શારિરીક અને માનસિક ત્રાસ આપવાના વર્ષ ૨૦૧૧માં ૧૨૬ ગુનાઓ બનવા પામ્યા હતાં જયારે તેની સરખામણીમાં ૨૦૧૨માં શારિરીક માનસિક ત્રાસના બનાવો વધુ બનવા પામ્યા છે. વર્ષ ૨૦૧૨ માં જિલ્લામાં ૧૪૯ પતિ પિડિત અને પત્નિ પિડિતોએ પોલીસ મથકે ત્રાસ અંગેની ફરિયાદ નોંધાવી છે. ૨૦૧૧માં ત્રાસથી કંટાળીને આપઘાત કરી લેવાના ૧૧ કિસ્સાઓ બન્યા હતા જેમાં એક પુરુષનો પણ સમાવેશ થાય છે. જયારે વર્ષ ૨૦૧૨માં શારિરીક-માનસિક ત્રાસથી કંટાળી આપઘાત કરી લીધાના ૧૭ કિસ્સાઓ પોલીસ ચોપડે નોંધાવા પામ્યા છે. જેમાં બે પુરુષોએ પણ આપઘાત કર્યો છે. તે ઉપરાંત અપહરણના કિસ્સાઓમાં પણ વધારો નોંધાયો છે. ૨૦૧૧માં ૨૧ અપહરણ થવા પામ્યા હતા જે વધીને ૨૦૧૨માં ૨૯ અપહરણના કિસ્સા બન્યા છે અને જિલ્લાભરમાં વર્ષ ૨૦૧૨માં ૨૦ બળાત્કારના ગુનાઓ બનવા પામ્યા છે.

મોરડુંગરા ગામેથી પશુ ભરેલું ડાલુ ઝડપાયું

હિંમતનગર, તા.૧૦

હિંમતનગર તાલુકાના મોરડુંગરા ગામની સીમમાંથી જીપ ડાલામાંથી બે બળક પકડી પાડેલાની ફરિયાદ ગાંભોઈ પોલીસ મથકે નોંધાઈ છે.

આજે સવારે મોરડુંગરા ગામના રસ્તા પરથી પસાર થઈ રહેલ બોરેલો જીપ ડાલા નં. જીજે-૧૨-એ.વી. ૪૫૩૪માં બે બળદને દોરડા વડે ક્રૂરતાપૂર્વક મરણ પામે તે હદે બાંધ્યા હતા. જીપ ડાલાને પકડી તેમાં સવાર સીકંદર ખાન મુલતાની અબ્દુલ ઈસ્માઈલ મુલતાની (રહે. રાણા સૈયદ, તા. મોડાસા)ને ઝડપી પાડયા હતા. ગાંભોઈ પોલીસમથકે નરેશસિંહ ઝાલાએ ફરિયાદ નોંધાવતા પોલીસે બે બળદ અને જીપ ડાલા સહિત મુદ્દામાલ કુલ રૂ. ૨,૧૦,૦૦૦ કબજે લઈ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

ગાંધીનગર, અમદાવાદમાં ઠંડીનો પારો ગગડ્યો

ગાંધીનગર, તા.૧૦

કાશ્મીર સહિત સમગ્ર ઉત્તરભારતમાં પડી રહેલી ઠંડીના પગલે ગુજરાતમાં અમદાવાદ અને પાટનગર ગાંધીનગરમાં ઠંડીનો પ્રકોપ યથાવત રહ્યો હતો. જ્યારે બાકીના શહેરોમાં તાપમાનનો પારો ઉચકાતાં લોકોએ રાહતની લાગણી અનુભવી હતી. તેમાંય ખાસ કરીને ગુજરાતના ઠંડી કેપિટલ ગણાતા નલિયામાં તાપમાનનો પારો પાંચ ડિગ્રી જેટલો ઉચકાયો હતો અને નલિયાનું લઘુતમ તાપમાન ૧૨.૬ ડિગ્રી નોંધાતા નલિયાવાસીઓને ઠંડીમાંથી રાહત મળી હતી. પરંતુ પાટનગર ગાંધીનગર ૮.૨ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે રાજ્યનું સૌથી ઠંડુ શહેર સાબિત થયુ હતુ. જ્યારે અમદાવાદે પણ ત્રણ ડિગ્રી જેટલો તાપમાનનો પારો ગગડતા ૮.૮ ડિગ્રી લઘુતમ તાપમાન સાથે ફરી એકવાર હાડ થિજવતી ઠંડીનો અનુભવ કર્યો હતો. જોકે છેલ્લા ત્રણ દિવસથી જોવા મળી રહેલ ઠંડા પવનોનું જોર ઘટતા લોકોને ઠંડીમાં રાહતનો અનુભવ થયો હતો. રાજ્યના અન્ય શહેરોના તાપમાનનો પારો એકથી પાંચ ડિગ્રી સુધી ઉચકાઇ હતો. જેના કારણે ભુજમાં ૧૦.૧ ડિગ્રી, કંડલાપોર્ટ ખાતે ૧૪.૨ ડિગ્રી, અમરેલીમાં ૧૦.૬ ડિગ્રી, ભાવનગરમાં ૧૨.૫ ડિગ્રી, દ્વારકામાં ૧૬.૨ ડિગ્રી, ઓખામાં ૧૯.૮ ડિગ્રી, પોરબંદરમાં ૧૩ ડિગ્રી, રાજકોટમાં ૧૧.૪ ડિગ્રી, વેરાવળમાં ૧૪.૯ ડિગ્રી, મહુવામાં ૧૧.૩ ડિગ્રી, સુરેન્દ્રનગરમાં ૧૩.૮ ડિગ્રી, દિવમાં ૧૩.૨ ડિગ્રી, સુરતમાં ૧૩.૬ ડિગ્રી, વલસાડમાં ૧૧.૭ ડિગ્રી લઘુતમ તાપમાન નોંધાયુ હતુ. આમ અમદાવાદ અને ગાંધીનગરને બાદ કરતા રાજ્યના તમામ શહેરોનું લઘુતમ તાપમાન ૧૦ ડિગ્રી ઉપર અને તેમાંય કેટલાક શહેરોનું લઘુતમ તાપમાન ૧૫ ડિગ્રી ઉપર નોંધાતા રાજ્યમાં ઠંડીનું જોર ઘટ્યુ હતુ.

શબ્દાવલી - ૪૯૪૮



આડી ચાવી

૧. ધબકારા, દિલની... (૪)
૫. એક વાનગી રવા-સોજીની (૩)
૭. મૃત્યુ વખત ના ગીત (૪)
૮. વાડી રે વાડી શું કો'છો... તરવાડી... (પ્રખ્યાત બાળ વાર્તા) (૨)
૯. રોપણી કરો, નાના છોડ (૨)
૧૦. પધ્ધતિસર, નાના છોડ (૨)
૧૨. 'કળ' શબ્દ ઊંધો થયો છે (૨)
૧૩. કાવ્યની રચના કરનાર (૨)
૧૪. વેવાણ (૪)
૧૭. નિષ્ફળ (૩)
૧૯. શંકર-પાર્વતીના પુત્ર (૪)
૨૧. માદાનું વિરોધી (૨)
૨૨. કાગળનું કાર્ડ (૪)

ઊભી ચાવી

૧. ધૂળ ભેગુ કરવું, રગદોળવું (૫)
૨. બીકણું (૪)
૩. કોઈ જાતની (૨)
૪. 'નવા'ને હિન્દીમાં... કહેવાય (૨)
૫. સાગર, સમુદ્ર (૩)
૬. એક પ્રકારના સુંદર ફૂલ (૩)
૧૦. જુદા જુદા (૩)
૧૧. રક્ષક, રખવાળી કરનાર (૪)
૧૩. સુંદર (૪)
૧૫. કંઈક નવું જ (૪)
૧૬. યશ (૨)
૧૮. તફાવત (૩)
૧૯. ક્રમ (૨)
૨૦. કેળાનું વૃક્ષ

શબ્દાવલી ૪૯૪૭ના જવાબ

આડી ચાવી :- (૧) ગંડેરી (૪) કાચ (૫) દરી (૬) પારાશીશી (૮) તાનારીરી (૧૦) ડઝન (૧૨) કાર (૧૫) મસા (૧૬) અમનચમન (૧૯) ગાજ (૨૦) નીયત (૨૨) ગટર (૨૩) નકર

ઊભી ચાવી :- (૧) ગંદવાડ (૨) ડેરી (૩) મોરારી (૪) કાશી (૬) પાના (૭) શીરી (૮) તાન (૯) ફરસાણ (૧૧) ઝગમગાટ (૧૨) કામ (૧૩) મોચ (૧૪) ચીમની (૧૭) નજર (૧૮) નયન (૨૧) તક

પેથાપુરની મ.ભ. હાઈસ્કૂલમાં પ્રોજેક્ટ પ્રદર્શન યોજાયું

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગર જિલ્લાના પેથાપુર ગામે આવેલા શેઠશ્રી મનસુખભાઈ ભગુભાઈ મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા સંચાલિત બાલમંદિર, પ્રાથમિક, અપર પ્રાથમિક, ઉચ્ચત્તર માધ્યમિક શાળા તેમજ સેન્ટર ફોર કેમ્પ્યૂટર એજ્યુકેશનના સંયુક્ત ઉપક્રમે સંસ્થાના ૧૦૦મા વર્ષમાં પ્રવેશ નિમિત્તે પ્રોજેક્ટ પ્રદર્શન યોજાયું હતું. તથા શાળા રમતોત્સવ, ફનફેર, પપેટ શો અને બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ હતી.

શાળામાં યોજાયેલા પ્રોજેક્ટ પ્રદર્શન અંતર્ગત બાળકોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વાલીઓએ પ્રદર્શનનો લાભ લીધો હતો. ભારતીય સંસ્કૃતિ પ્રમાણે આજના યુગમાં ગ્રામ્યજીવન અને શહેરી જીવન વચ્ચેના અભિગમને તેમજ વ્યસનમુક્તિના આ કાર્યક્રમને નિહાળી સૌએ બાળકો તથા શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા. કાર્યક્રમનું સમગ્ર સંચાલન શાળાના આચાર્યા ભાવનાબેન પટેલના માર્ગદર્શન હેઠળ સફળ રીતે યોજાયું હતું.

વિધાનસભાના પોડિયમમાં સ્વામી વિવેકાનંદના તૈલચિત્રને પુષ્પાંજલિ ૧૨મી જાન્યુઆરીએ અર્પવામાં આવશે

ગાંધીનગર, તા. ૧૦

ભારતના પનોતા પુત્ર સ્વામી વિવેકાનંદનો તા. ૧૨મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ ૧૫૧મો જન્મદિવસ છે. આ દિને સવારે ૧૧.૦૦ કલાકે ગુજરાત વિદ્યાનસભાના મકાન, વિઠ્ઠલભાઈ પટેલ ભવનના -થમ માળે આવેલ પોડિયમમાં સ્વામી વિવેકાનંદના તૈલચિત્રને ગુજરાત વિદ્યાનસભાના અધ્યક્ષશ્રીના હસ્તે પુષ્પાજંલિ અર્પવાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો છે. આ -સંગે જાહેર જનતા ઉપસ્થિત રહેવા ગુજરાત વિદ્યાનસભા સચિવાલયના ઉપસચિવ શ્રી એસ.એસ. મકવાણાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

નોટિફાઈડ એરિયા જાહેર

● **અનુસંધાન છેલ્લાનું ચાલુ**

શ્રી સુધીરભાઈ માંકડે જણાવ્યું હતું કે, ગિફ્ટ સિટીની કોઈપણ બિલ્ડીંગમાં એકન્ડીશનીંગ પ્લાન્ટ નહીં હોય, તમામ બિલ્ડીંગ માટે ડિસ્ટ્રીક્ટ કૂલીંગ સિસ્ટમ કાર્યરત થઈ રહી છે. આવી સગવડ આપતી આ સાઈઝની સિસ્ટમ સમગ્ર દેશમાં પહેલીવાર હશે. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, પીવાના પાણી માટે પ્લાસ્ટીકની બોટલ અહીં હવે ક્યારેય નહીં આવે, છ મહિનામાં અહીં એવું ગુણવત્તાસભર પીવાનું પાણી ઉપલબ્ધ થશે કે, ગિફ્ટ સિટીમાં લોકો ડાયરેક્ટ નળમાંથી પણ પાણી પી શકશે. કચરા-વેસ્ટના નિકાલ માટે પણ આખી સિસ્ટમ બનશે.

વાયબ્રન્ટ સમીટ

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

આ સમીટ માટે ૨૫ હજારથી પણ વધુ ડેલીગેટસનું રજીસ્ટ્રેશન થઈ ગયું છે. તંત્રના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો મુજબ લેટર ઓફ ઈન્ટેસ્ટમેન્ટ ઈન્ટરેસ્ટ માટે ૩૭ જેટલા સેકટરો નિયત કરવામાં આવ્યા છે.

આ સમીટમાં વધતા જતા શહેરીકરણને લઈ રૂબર્બનાઈઝેશન માટે ખાસ એમ.ઓ.યુ. કરાશે. વિકાસમાં પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ દ્વારા ગ્રામીણ વિકાસને પણ નવી દિશા આપવાના અભિગમ સાથે નોલેજ શેરીંગ માટે પણ વિશેષ સમજૂતિકરારો આ સમીટની સફળતા દર્શાવે છે.

સમીટ જે સ્થળે યોજાવાની છે. તે મહાત્મા મંદિરની આજે જબરજસ્ત સજાવટ કરવામાં આવી છે. રોકાણકારો માટે રેડ કાર્પેટ તંત્ર એ પાથરી છે અને ઘ-૪ થી મહાત્મા મંદિર સુધી રોશની તેમજ જરૂરી આયોજન કરવામાં આવ્યું છે. આ મંદિર નજીક નિર્માણાધીન સોલ્ટ માઉન્ટને સજાવવામાં આવ્યું છે.

આ ઉપરાંત સી.એમ. લોન્જ જે બનાવવામાં આવી છે. તેમાં ફયુવર સીટી ઓફ ગુજરાતની પ્રતિકૃતિઓ મુકી અને લોન્જમાં ગુજરાતના વિકાસની અનોખી અનૂભુતિ ઉભી કરવામાં આવી છે.

મહાત્મા મંદિર ખાતે આ બીજી વાયબ્રન્ટ સમીટ યોજાઈ રહી છે. અને આવનારા અતિથીઓના સત્કાર માટે આખે આખું ગાંધીનગર થનગની રહ્યું છે.

વિધાનસભાના સર્વર રૂમમાં લાગેલી આગનું કારણ જાણવા એફએસએલ બોલાવાઈ

જી-સ્વાન કનેક્ટીવીટી સર્વર રૂમમાં આગ લાગવી ગંભીર બાબત હોવાથી આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ બહાર આવવું જરૂરી

ગાંધીનગર, તા. ૧૦

પાટનગરમાં સ્થિત વિધાનસભામાં સ્થિત સાયન્સ એન્ડ ટેકનોલોજી વિભાગના સર્વર રૂમમાં અચાનક લાગેલી આગથી ભારે ચર્ચાઓને વેગ મળ્યો છે ત્યારે જી સ્વાન કનેક્ટીવીટી સર્વર રૂમમાં આગ લાગવી તે ગંભીર બાબત હોવાથી એફ.એસ.એલ.ની મદદ લેવામાં આવી છે અને આગ કેવી રીતે લાગી તેનું ચોક્કસ અને સ્પષ્ટ કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરવામાં આવી છે.

ગઈકાલે મોડી રાત્રે વિધાનસભામાં આવેલા સર્વર રૂમમાં એકાએક આગ ભભુકી ઉઠતા ૧૦૮ એમ્બ્યુલન્સને મેલ મળ્યો હતો. આગની ઘટના હોવાથી ૧૦૮ ઈમરજન્સી સેવાએ ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ કરી હતી. ફાયરનો કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો અને પાણીનો સતત મારો ચલાવીને આગ ૨૦ થી ૨૫ મિનિટમાં કાબુમાં લઈ લીધી હતી. ત્યાં સુધીમાં કનેક્ટીવીટી સર્વર રૂમમાં પડેલો તમામ સામાન અને રેકોર્ડસ બળીને ખાખ થઈ જવા પામ્યા હતા. પ્રાથમિક તપાસમાં શોર્ટસર્કીટથી આગ લાગી હોવાનું બહાર આવ્યું છે પરંતુ જીસ્વાન કનેકટીવીટી તથા સર્વરરૂમમાં આગ લાગવી અતિ ગંભીર બાબત હોવાથી તેને ગંભીરતાથી લઈ એફ.એસ.એલ.ની ટીમને બોલાવી આગ લાગવા પાછળનું ચોક્કસ કારણ બહાર લાવવા તજવીજ શરૂ કરાઈ છે.

ટ્રેડ શૉ નો નઝારો અદ્‌ભૂત પણ પાણીની પણ વ્યવસ્થા નહી...!

ગાંધીનગર, તા. ૧૦

ગાંધીનગરના આંગણે જે ભવ્ય સમિયાણો ઉભો કરાયો છે તેમાં દરરોજના લાખો મુલાકાતીઓ મુલાકાત લઈ રહ્યા છે અને આ ટ્રેડ શૉ નો નઝારો જોઈ ખુબજ આનંદીત અને આશ્ચર્યચકીત થયા છે. પરંતુ આ ભવ્ય પ્રદર્શનમાં પાણીની વ્યવસ્થા ન હોવી, જેમ તેમ ગંદકીનો ફેલાવો થવો અને યોગ્ય વ્યવસ્થા ન થતી હોવાથી તેમજ દૂર-દૂરની પાર્કિંગ અને મોંઘા નાસ્તાને કારણે મુલાકાતીઓમાં રોષ જોવા છે.

●●●

ગાંધીનગરના આંગણે જે આ સમગ્ર પ્રદર્શનને નિહાળી ખુબજ આનંદ થયો છે અને હિરાજડીત કાર જોઈ ખુબજ આશ્ચર્ય ચકિત થયો છું પરંતુ પાણીની કોઈ વ્યવસ્થા ન હોવાનું દુઃખ છે.

- પંકજ પટેલ, અમદાવાદના વેપારી

●●●

આ પ્રદર્શનમાં આવ્યા છીએ તો એવું લાગે છે કે વિજા વગર વિદેશમાં પહોંચી ગયા છીએ તેવું લાગે છે અને ખરેખર તમામ જ્વેલરી અને હીરાજડીત કાર ખુબજ સુંદર છે.

- વિપુલાબેન શાહ
હિંમતનગર, ગૃહિણી

●●●

સમગ્ર સમિયાણામાં કાફ વિલેજમાં મુકાયેલ તમામ ગૃહ સુશોભનની ચીજવસ્તુઓ આકર્ષીત છે. પરંતુ પાણી વ્યવસ્થા ન હોવાથી અને ખાણી-પાણી મોંઘું છે. તે સસ્તુ હોવું જોઈએ જ્યારે શાળાના બાળકોને અભ્યાસમાં આવે તેવી કોઈ જ વસ્તુઓ મુકવામાં આવી નથી.

- દક્ષા પટેલ, શિક્ષિકા, વિસનગર

●●●

વિદેશી આધુનિક ખેતીની પદ્ધતિ જોઈ અને ખેતી ઉપયોગી સાધનોની માહિતી મેળવી હતી જે ખુબજ ઉપીયોગી છે. પરંતુ આટલા બધા ખર્ચા બાદ પણ સરકાર દ્વારા પાણીની વ્યવસ્થા નથી કરાઈ.

- કોરાભાઈ દેસાઈ, ખેડૂત

●●●

આ પ્રદર્શન-એક્ઝીબીશન જે ખાસ વેપારી બિઝનેશમેન માટે છે. તેમને પુરતી માહિતી મળતી નથી. તે વેપારીઓને દુઃખ છે. પરંતુ હીરાજડીત કાર જોઈ આનંદ થયો.

- જલ્પાબેન, એમ.બી.એ., સ્ટુડન્ટ

●●●

આ સમગ્ર પ્રદર્શન ખરેખર ખુબજ શરાહનીય છે. વિદ્યાર્થીઓને ખુબજ ઉપયોગી છે. આવુ પ્રદર્શન દર વર્ષે થવું જોઈએ જેથી યુવાનો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહન મળશે.

- પી.ડી.પી.યુ. કોલેજ ગ્રૂપ

●●●

આ ટ્રેડશૉ માં પ્લાસ્ટીક ઈન્ડસ્ટ્રીને લગતી પ્રોડક્ટ એ અમારા અભ્યાસને લગતી બાબત છે તેમાંથી ઘણુ શિખવા મળ્યું છે. આવું પ્રદર્શન દર વર્ષે થવું જોઈએ પરંતુ ગંદકી અને અવ્યવસ્થાને લઈ પ્રદર્શનની સુંદરતા ખરાબ થાય છે અને પહેલા દિવસ બાદ તમામ વ્યવસ્થા ખોરવાઈ ગયા છે.

- ઐશ્વર્યા, એન.આઈ.ડી.
અમદાવાદની વિદ્યાર્થિની

●●●

આ સમગ્ર સમિયાણો ખુબજ સુંદર છે પરંતુ બિઝનેશ માટે આવતા વેપારીને ભારે હાલાકી પડે છે. ધંધા રોજગાર માટે ખરેખર વાર્તાલાપ કરવાનો સમય મળતો નથી. આથી મુલાકાતીઓ અને બિઝનેશમેન માટે અલગ અલગ ટાઈમ ગોઠવવો જોઈએ અને ખાણીપીણી મોંઘુ છે તે સસ્તુ હોવું જોઈએ.

- કિશોરભાઈ, સુરતના વેપારી

ટ્રેડ શૉ મુલાકાતીઓ ખુબજ કચરો જેમ તેમ નાંખે છે. સુંદરતા બગાડે છે. જાહેરમાં ધૂમ્રપાન કરે છે. તેમજ પ્રાથમિક શાળાના બાળકોના અભ્યાસને લગતી બાબતો નથી એ ઘણી દુઃખની વાત છે. જ્યારે હીરાજડીત કાર ખુબજ સુંદર છે.

- ગ્રોમોર સ્કૂલ, હિંમતનગરની વિદ્યાર્થિનીઓ

(તસવીર : દિપક જાની)

કાલીચંડી જ્યોતિષ
૧૦૦% ગેરંટી * તમારી સમસ્યાનો ઉકેલ મારી પાસે છે
એક મુલાકાતમાં કામ * પૂજા અને જણીતા ગોલ્ડમેડલિસ્ટ
અધોરી ક્રિયા, મુસલમાની ક્રિયાના જાણકાર
નોકરી, ધંધો, વશીકરણ, પતિવશ, પત્નીવશ, શત્રુવશ, નાણાં ફસાયેલા નાણાં, છૂટાછેડા સ્પેશ્યાલિસ્ટ
કોઈ પણ જગ્યાએ કામ ન થાય તો હું કરી આપીશ
ઈચ્છાધારી વશીકરણ, નરસિંગા મૂઠચોટ
લવમ્યોલ્લેમના સ્પેશ્યાલિસ્ટ
પ્લોટ નં.૪૯/૨, સેક્ટર-૩, એ-જ્યુ, ગાંધીનગર.
9925384314

જાહેર હરાજી

આથી રસ ધરાવતા ઈસમોને જણાવવામાં આવે છે કે, જિલ્લા આયોજન કચેરી ગાંધીનગર હસ્તકની ગાડી નં. જી.જે.૧૮.જી. ૭૭૭ આરમોડા કન્ડમ થયેલ વાહનની જાહેર હરાજી તા. ૧૮-૧-૨૦૧૩ના રોજ સમય ૧૫-૦૦ કલાકે કલેક્ટર કચેરી, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧ ખાતે રાખવામાં આવેલ છે. હરાજીમાં ઊભા રહેનારે ટેન્ડર ફોર્મની સાથે વાહનની સામે દર્શાવેલ ડીપોઝીટની રકમનો જિલ્લા આયોજન અધિકારીશ્રી ગાંધીનગરના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ કઢાવી કોરા ટેન્ડર ફોર્મ રૂ. ૫૦/- રોકડા ભરી અત્રેની કચેરીમાંથી મેળવેલ ટેન્ડર ફોર્મની સાથે જોડવાનો રહેશે. ટેન્ડર ફોર્મ સાથે આપવામાં આવેલ શરતોને આધીન રહીને હરાજીની કાર્યવાહી કરવામાં આવશે. ટેન્ડર ફોર્મ મેળવવાની આખરી તા. ૧૬-૧-૨૦૧૩ના રોજ સમય ૧૭.૦૦ કલાક સુધી તેમજ ડીમાન્ડ ડ્રાફ્ટ સાથે ટેન્ડર ફોર્મ ભરી સીલબંધ કવરમાં મોકલવાની આખરી તા. ૧૭-૧-૧૩ના રોજ સમય ૧૭.૦૦ કલાક સુધીમાં મોકલી આપવાના રહેશે.

ક્રમ	વાહનનો પ્રકાર અને રજીસ્ટ્રેશન નંબર	વાહનની તળીયાની કિંમત રૂ.	વાહન માટે ભરવાની થતી ડીપોઝીટનો રકમ રૂ.	વાહન રાખેલ છે તે સ્થળ તથા હરાજીનું સ્થળ	હરાજી કરનાર અધિ.શ્રીનું નામ
૧.	Mahindra Armada Diesel Jeep GJ-18-G. 777	૫૦૦૦૦/-	૫૦૦૦/-	કલેક્ટર કચેરી જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧ ગાંધીનગર	જિલ્લા આયોજન અધિકારીશ્રી ગાંધીનગર

સ્થળ : ગાંધીનગર
તારીખ :- ૯-૧-૨૦૧૩
માન. કલેક્ટરશ્રીની નોંધ પર મંજૂરી મુજબ
માહિતી/૨૦૦૩/૧૨-૧૩

સહી/-
કલેક્ટર
ગાંધીનગર

SANGHI CEMENT
KisaN
VINAYAK500
TMT BARS - ISI
SANGHI STEEL - ISI
BENELAVE
DR.FIXIT FOR HEALTHY CONSTRUCTION
TATA
STEEL • PIPES • SHEETS
ashirvad
C. PVC, UPVC
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઘ.) ૨૩૨૬૧૧૬૩, ૩૨૦૬૦૫૨૨, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨,